





માથાં વાઢી લઇ જાય એનાથી ચર્ચામાં પડે છે!
ને દેવચાની માટે દંભે ઉગ્ર બનીને લડે છે!!
નડે છે મતની મેલી રમત, સડે ધાર્મિકતા -
ઠેકાણા વગરની આ વિદેશ નીતિ પોકે રડે છે!

‘દાઉદ’ સ્વપ્નાં!
‘સૂરંગ’ પોલાં તંત્રે -
એ સચવાસે?!
(ફૂટેલું સુરક્ષા તંત્ર)

અભ્યાસાર્થે -
વિદેશના પ્રવાસે -
ગુંડાગીરીના?!
(યુ.પી.ના પ્રધાનશ્રીઓ)




## ચિંતન

*શિરઃ શાર્વ સ્વર્ગાત્પતતિ શિરસસ્તત્ક્ષિતિધરં મહીધ્રા દુતુંગદ્વ નિમ ભવને શ્વાપિ જલધિમ ।*
*અધોઅધો ગંગેયં પદમુપગતા સ્તોકમથવા વિવેકભ્રષ્ટાનાં ભવતિ વિનિપાતઃ શતમુખઃ ॥*

શ્રી ભતૃહરિએ ‘નીતિશતક’માં વ્યવહારૂ જીવનના સત્યને પ્રાકૃતિક સત્ય સાથે સુંદર રીતે રજૂ કરતાં વિવેકહીન મનુષ્યના પતનની વાત કરી છે :

‘ગંગા નદી સ્વર્ગ’ આકાશમાંથી પડી અને ભગવાન શંકર જે હિમાલયના શિખર પર જટા ખોલીને ઊભા હતા તેમના મસ્તક પર પડી, અને ત્યાંથી હિમાલયના શિખર પર પડી, એ ઊંચા પર્વત પરથી પડતી ઉપરથી નીચે સુધી પૃથ્વીના મેદાનો પર પડી આળોટતી, સમુદ્રના ખારાં પાણીમાં સમાઇ ગઇ. વિવેક ચૂકેલાનું જો એકવાર પતન થાય પછી અનેક રીતે પતન થયા જ કરે છે.’

જે પડે છે તેનો શતમુખ વિનિપાત થાય છે જે એક ભૂલ કરે છે તેના વડે ભૂલોની ઘટમાળ સર્જાય છે ચોરી-લૂંટ ખૂન કર્યાની ભૂલ એકવાર ભય ઉપજાવે આત્મા ચીખી ચીખી બૂમો પાડે-અટકાવે પણ જો તે આત્મા સાંભળે નહીં તો એ ભૂલ-ટેવ-સ્વભાવ થઇ જાય છે અને પછી પતનની ગર્તા સિવાય કોઇ જ માર્ગ રહેતો નથી.

‘વિવેકઃ’ દશમો નિધિઃ કહ્યું છે વિવેક એટલે સત્ય-અસત્યને પારખવાની દૃષ્ટિ જો આ માનવી ચૂકી જાય અને સ્વચ્છંદી નિર્ણયો કરતો થાય, આત્માનો અવાજ ન સાંભળે તેનું સતત પતન જ થયા કરે છે. કપિલ મુનિના શાપને કારણે ગંગા અવતરણ થયું અને રાજા ભગીરથના તપને કારણે ગંગાને પૃથ્વી પર આવવું પડ્યું એ કથાનો અહીં સરસ ઉપયોગ થયો છે.

## સુવિચાર

- અજાણતા ખુલ્લા રહી ગયેલા બારણામાંથી જ કયારેક અચાનક સુખનો પ્રવેશ આહલાદક હોય છે - *ગુલઝાર*
- અશાંતિ બહાર નહીં આપણી ભીતર હોય છે. કોઇને શાંતિ આપવા માટે પહેલાં માણસ ખુદ શાંત હોવો જોઇએ - *બુદ્ધ*
- ઊંડી શ્રદ્ધામાથી ઊંડી સમજ પ્રગટી શકે.. આવી થોડીક સમજ પણ જયારે પ્રગટે ત્યારે માણસ ફરિયાદ અને ખુલાસાના ચક્કરમાંથી મુક્ત થઇ જાય છે - *માનસ શાસ્ત્ર*
- હકીકતમાં બ્રહ્મચર્યનો સંસ્કૃત શબ્દાર્થ થાય છે કે બ્રહ્મ એટલે આત્મા અને ચર્ય એટલે શોધ.. બ્રહ્મચર્ય એટલે આત્માની શોધ - *ડો. પ્રકાશ કોઠારી*
- તમારી કોઇ રાહ ન જોતું હોય તો માનજો કે તમારામાં કંઇક ખૂટે છે તમે કોઇના સુખનું કે આનંદનું કારણ હશો તો જ કોઇ તમારી રાહ જોશે - *પૂજ્ય મોટા*
- ભક્તિ દેખાડો કરવાની બાબત જરાય નથી. પણ હૃદયની અનુભૂતિની વાત છે - *અખો*
- માત્ર મૌન પણ પ્રેમ જેટલું જ ઊંડાણ ધરાવે છે - *ઓશો*

*(સંકલન : દીપક વી.આસરા)*

## બોધ કથા

અસંત બાપ-બેટાએ મેલીવિદ્યા દ્વારા અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી. શૈતાની આત્મા પર સંતનો બૂરખો ઓઢી કેટલી એ નિર્દોષ જિંદગીઓને પીંખી નાખી. સિદ્ધિઓ વિદ્યાઓનો સદ્‌ઉપયોગ થવો જોઇએ. પોતાને ‘ભગવાન’ પ્રસ્થાપિત કરવામાં નહીં.

એક સંતને બે શિષ્યોએ તપ-સાધનાની આરાધના કરી અને સિદ્ધિ પ્રાપ્ત કરી-એક શિષ્ય પાણી પર ભીંજાયા વિના બેસી - ચાલી શકતો હતો તો બીજો હવામાં ઉડ્ડયન કરી શકતો હતો.

બંને વચ્ચે વિવાદ જાગ્યો કોની સિદ્ધિ મોટી ચર્ચા-વિખવાદ સુખી પહોંચી અને બંને ગુરૂજી પાસે ગયા અને નિર્ણય આપવા વિનંતી કરી.

ગુરૂજી કહે, જુઓ માછલી પણ પાણીમાં ભિંજાયા વિના રહી શકે છે અને પંખીઓ તો હવામાં ખૂબ સરળ રીતે ઉડે જ છે. એ કંઇ સિદ્ધિ ન કહેવાય. સાચી સિદ્ધિ તો પૃથ્વી પર રહી. દુઃખી-ગરીબ-પીડિતો ને સેવા કરવામાં જ છે. ગરીબ-અનાથ બાળકોને પ્રેમ આપી એમની સેવા કરવામાં જ સાચી સિદ્ધિ છે.

Email - sureshchandrabhatt18@gmail.com

# અત્યંત પ્રેમાળ પત્ની જિંદગીના ઉત્તરાર્ધમાં પતિથી વિમુખ બને તેને કળિયુગ કહેવો કે કર્મની ગતિ ?

## સમાજ ચિંતન

*- પોપટલાલ પ્રજાપતિ*

સમાજમાં કયારેક એવી ઘટનાઓ બને છે કે જે જોઇ લોકોને કુદરતની ન્યાયિક પ્રક્રિયા સામે સંદેહ થાય છે. કયારેક કોઇ કળિયુગ આવ્યો છે તેમ કહે છે તો કયારેક જમાનો બદલાયો છે, સૌ સ્વાર્થના સગા છે એમ કહી બળાપો વ્યક્ત કરે છે. પણ કુદરતના ન્યાયમાં કયારેય કોઇની તરફદારી હોતી નથી. એના ન્યાયમાં કયાંક વિસંગતતા હોતી નથી. સત્ય ઘટના પર આધારીત એક પ્રસંગ પાત્રોના કાલ્પનિક નામ સાથે પ્રસ્તુત છે કયાંય કોઇને બંધબેસતી પાઘડી પહેરવી નહીં.

શાંતિલાલ અને સાવિત્રીનું દાંપત્યજીવન અત્યંત સુખી હતુ. તેમના વચ્ચે મનદુઃખ કે કડવાશનો નાનકડો પ્રસંગ પણ કયારેય બનતો નહિ. સાવિત્રીબેન અત્યંત પ્રેમાળ, લાગણીશીલ અને માયાળુ સ્વભાવના હતા. શાંતિલાલ કાપડના મોટા વેપારી, કાપડ બજારમાં તેમની મોટી શાખ હતી. તેમની દાનવૃત્તિ અને ઉદારતાની સૌ મુક્તમને પ્રશંસા કરતા. પણ તેમનું નબળું પાસું એટલું કે તેમના પરીવારમાં તેમને સગા ભાઇ કે માતા-પિતા સાથે બિલકુલ મેળ નહિ. અને... એક વાર શાંતિલાલના મોટાભાઇ અચાનક તેમના ઘરે આવે છે. બંને વચ્ચે થોડો વાતચીતનો દોર ચાલ્યો, અને મોટાભાઇ શાંતિલાલ પર ગુસ્સે થયા... દુનિયામાં તારે એકલાને બૈરી નથી? બધાને બૈરી પર પ્રેમ હોય પણ તેના પાછળ ઘેલા થઇને ફરવાનું ન હોય. આપણે ગમે તેટલા મોટા માણસ હોઇએ પણ કોઇ વાર તો મા-બાપની ખબર લેવી જોઇએ. ઘરે બા તારા નામની માળા જપે છે તને યાદ કરીને કેટલીય વાર રડ્યા હશે. તેમની તબિયત સારી નથી. બાપુજી પણ તને યાદ કરે છે. પણ તને તો સમાજમાં પત્ની સિવાય કંઇ દેખાતું જ નથી. બાપુના આગ્રહથી હું તને તેડવા આવ્યો છું. આજે જ તું ઘરે ચાલ... મોટાભાઇએ શાંતિ લાલને ઘણું સમજાવ્યો પણ શાંતિલાલ પર તેની જરાય અસર ન થઇ તેમણે ગુસ્સે થઇ મોટાભાઇને સંભળાવ્યું જે ઘરમાં મારી પત્નીનું માન જળવાતું ન હોય ત્યાં હું પગ નહિ મૂકું. મારી પત્ની પરિવારમાં સૌથી વધુ ભણેલી છે મોટા ખાનદાનની દીકરી છે તેની સાથે કઇ રીતે વર્તવું તે તમને લોકોને ખ્યાલ ન હોય તો મારી પત્નીના સ્વમાનના ભોગે હું પરિવારમાં ભણવા માગતો નથી. મારે પરીવાર સાથે કોઇ સ્નાન સૂતકનોય સંબંધ નથી રાખવો અને મા-બાપના તમે મોટા દીકરા છો તે સાચવો ને? તમારીય જવાબદારી છે જ ને? મોટાભાઇએ કહ્યું પરીવારમાં સાસુ-વહુને મનદુઃખ એ તો સામાન્ય ઘટના છે આવું બધે જ બનતું હોય પણ તેના ધજાગરા ન કરવાના હોય મા એ મા છે તેની લાગણીની કદર કરવી જોઇએ. તમે જેવું કરશો તેવું પામશો. મા-બાપની લાગણીને ઠોકર મારશો તો તમારા દીકરા પર તમારી સાથે આવે જ વર્તાય કરશે... પણ શાંતિલાલ એકના બે ના થયા. તેમને માતા-પિતાને મળવાનો ધરાર ઇન્કાર કરી દીધો. જાણે મા-બાપ સાથેનો તેમને નાતો જ તોડી નાખ્યો...

શાંતિલાલ અને સાવિત્રીબેન પૈસે ટકે ખુબ સુખી હતા. બે દીકરા અને એક દીકરી ભણવામાં હોંશિયાર હતા. મોટો દીકરો ધંધામાં સેટ થઇ ગયો છે નાનો દીકરો ડોકટર છે. દીકરીને પણ ખુબ સારૂં ઘર મળ્યું છે ખુબ સુખી છે. દીકરાના ઘેર દીકરા છે. પરિવારની ઉન્નતિ જોઇ શાંતિલાલ એમ જ માનતા કે માતા પાસે સુખ અને સ્મૃદ્ધિ તેમજ પ્રતિષ્ઠા બધું છે. પરિવાર નહિ હોય તો શો ફેર પડવાનો છે? ઘરેથી બા-બાપુજી ઘણીવાર સંદેશા મોકલાવે પણ તેઓ સંદેશા તેમની લાગણીની અવગણના કરતા. તેનું કારણ માત્ર એટલું જ કે પોતાની પત્નીને કોઇ ઠપકો આપે કે ઊંચા અવાજે બોલે કે શાંતિલાલ બિલકુલ સહન કરતા નહી. તેમની જિંદગીમાં પત્ની એ જ સર્વસ્વ હતું.

સમય વિતતો ગયો. જવાનીના દિવસો પુરા થયા, વૃદ્ધત્વમાં પ્રવેશ થયો. ધંધો રોજગાર પણ ઓછો થવા માંડ્યો. હવે તેમને કમાવાની જરૂર પણ ન હતી. પાછળી જિંદગી આરામથી ગુજારવાની હતી. પણ જિંદગીની બાજી કયારે પલટાય તેની જાણ ફક્ત ઉપરવાળાને જ હોય છે. શાંતિલાલના તંદુરસ્ત શરીર પર વૃદ્ધત્વના લક્ષણો કબજા જમાવવા મંડ્યા. આંખે ઝાંખપ લાગવા માંડી. પગના, કમરના દર્દો, બી.પી. ડાયાબીટીસ ધીમે ધીમે ઘર કરવા લાગ્યા. શરીરમાં ધ્રૂજારી આવવા લાગી... અને હવે શાંતિલાલ પરવશ બનતા ગયા. થોડું ચાલે તો શ્વાસ ચઢવા લાગ્યો. એમ કરતાં તેઓ સંપૂર્ણ પથારીવશ બની ગયા. જે પત્નીને તેમના વિના ઘડી પણ ન ચાલે તે હવે પૌત્રોને સાચવવામાં અને દીકરીઓની, દેખરેખમાં વ્યસ્ત રહેવા લાગી. શાંતિલાલને વિશાળ બંગલામાં એક નાનકડો રૂમ ફાળવી દેવાયો ત્યાં આખો દિવસ પથારીમાં પડ્યા પડ્યા ખાંસી ખાતા રહ્યા. કયારેક કોઇ તકલીફ હોય અને બૂમ પાડે તો તે સાંભળનાર કોઇ ન મળે. શાંતિલાલ કયારેક શૂન્યમનસ્ક થઇ વિચારે ચઢતા કે જે પત્નીને મારા વગર ચાલતું નહિ તેનું વર્તન પણ હવે કેમ બદલાવાલાગ્યું? કોણ જાણે તેના પર કળિયુગની અસર થઇ કે સ્વાર્થવૃત્તિએ તેનામાં પણ પ્રવેશ કર્યો? જે દીકરાઓને પગભર કરવા મારી જિંદગી નીચોવી નાખી તેઓ પોતાના ધંધામાંથી ઊંચા આવતા નથી. મારી સામે જોવાની પણ કોઇને ફુરસદ નથી. મારી લાગણીની કેમ કોઇને પરવા નથી? મારી જિંદગીમાં દાન-ધર્મ કરવામાં પાછું વળીને જોયું નથી. મંદિરોમાં સખાવત કરવામાં કદી હાથ ટુંકાવ્યો નથી અને છતાં મારી આ દુર્દશા કેમ? જે પત્ની ખાતર મેં પરીવારનો ત્યાગ કર્યો તે પત્ની પણ મારાથી કેમ વિમુખ બનતી જાય છે? કુદરતા ઘેર આવું અંધેર કેમ? આવા વિચારો કરી શાંતિલાલ કયારેક ખાનગીમાં રડી લેતાં... એક વાર એમનો સહાધ્યાયી મિત્ર તેમને મળવા આવ્યો.મિત્રને સુખદુઃખના ખબર અંતર પૂછી તેઓ પોતાની મનોવ્યસ્થા રજૂ કરવા લાગ્યા. ‘દીકરાઓ અને ખુદ મારી પત્નીને મારી કંઇ પડી નથી. ઘોરે કળિયુગ આવ્યો છે.’ મિત્ર બહુ શાણો હતો. તેને પૂછ્યું ભાભી પણ તારી સાથે આવું વર્ત કરે તે માન્યામાં ન આવે તેવું છે. શું આને કળિયુગ કહેવાય? પણ બીજી જ ક્ષણે મિત્રએ શાંતિલાલને પૂછ્યું, શાંતિલાલ તારા બા-બાપુજીની તબિયત કેમ છે? હવે તેમની ઉંમર પણ ઘણી થઇ હશે... અને શાંતિલાલ સમક્ષ યુવાનીનું એ દૃશ્ય ચિત્રપટની જેમ દેખાવા લાગ્યું. મોટાભાઇ એક વાર ઘરે આવી ધમકાવતા હતા તે યાદ આવ્યું. મારા માતા-પિતા પણ મને મળવા ખુબ તડપતા હતા પણ મેં તેમની સામે જોયું નથી. મને મળવા તેઓ ખુબ રડ્યા હતા પણ મેં તેમની લાગણી સમજવા કોશિશ ન કરી. તેમની કકડતી આંતરડીનો આ અભિશાફ તો નહિ હોય? જેવી રીતે હું દીકરાઓનો પ્રેમ મેળવવા તડપું છું એવું જ મારા માતાપિતા તડપતા હશે. કેવી હશે એ તડપન એ હવે મને સમજાય છે. મારી અંત્યત પ્રેમાળ પત્નીને મારા પ્રત્યે લાગણી ઓછી થાય એ મારા કર્મનું ફળ તો નહિ હોય ? અને ત્યારે શાંતિલાલની આંખોમાં અવિરત અશ્રુધારા વહેવા લાગી. એ અશ્રુધારામાં તેઓ ડુબતા ગયા... ડુબતા ગયા...

કોણ કહી શકે કે કુદરતના ઘેર અન્યાય છે? કુદરતના ન્યાયના ત્રાજવામાં બનાવટી કાટકા નથી હોતા એના આદેશને કોઇ કોર્ટમાં કોર્ટમાં પડકારી ન શકાય તેનો જડબેસલાક હોય છે એ હવે શાંતિલાલને સમજાયું... જેણે જિંદગીમાં માવતરની લાગણીઓને ઠોકર મારી હોય તે દીકરાઓ પાસે પ્રેમની અપેક્ષા કેવી રીતે રાખી શકે? આમાં કળિયુગ કયાં આવ્યો...?

# શાળાઓ - કૉલેજના વિદ્યાર્થીઓને સાહિત્યમાં જોતરવા અને રસ લેતા કરવા તથા ગુજરાતી સાહિત્ય ધબકતું રહે તે માટેનાં પ્રયત્નો સાહિત્ય સભા દ્વારા કરવામાં આવી રહ્યા છે

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ ‘શબ્દ સેતુ’

*સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર ‘દધિ’*

***સમાચાર સેતુ***

● છેલ્લા ૧૭ વર્ષથી કાર્યરત એવી, ગાંધીનગર સાહિત્ય સભાની રાબેતા મુજબ, દર માસના બીજા રવિવારે અચૂક મળતી માસિક બેઠક, આ માસમાં તા. ૧૧-૧-૨૦૧૪ વિદ્યા લાઈબ્રેરી પાછળ, સેકટર-૧૬, ગાંધીનગર ‘બ્રહ્મ ભવન’ જેમાં સાહિત્યકારો પોતાની સ્વરચિત અને અપ્રગટ કાવ્યકૃતિઓ - ગઝલો કે લઘુકથા રજૂ કરી શકશે. આ સભા નિયમ સમયે શરૂ થશે અને સમયસર પૂર્ણ થશે. આથી સમયસર ઉપસ્થિત રહેવા માટે ગાંધીનગર સાહિત્ય સભાના સભ્યો, સાહિત્યકારો અને સાહિત્ય રસિકો-ભાવકોને વિનંતી કરવામાં આવે છે.

● ગાંધીનગર સાહિત્ય સભાની કાર્યવાહક સમિતિની બેઠક તા. ૬-૧-૨૦૧૪ ને સોમવારના રોજ સરકીટ હાઉસ ખાતે સંપન્ન થઈ, જેમાં સૌ પ્રથમ શબદની સંગિની - વીણાવાદિની - મા શારદાની ઉપાસનાથી સભાની શરૂઆત થઈ અને અધ્યક્ષશ્રી દોલત ભટ્ટ દ્વારા સર્વેનું સ્નેહથી સ્વાગત કરાયા બાદ, ચર્ચા - વિચારણાને અંતે નીચે મુજબના નિર્ણયો લેવાયા.

(૧) સંસ્થાનું મુખપત્ર ‘શબ્દ સુધા’ જાન્યુ. ૨૦૧૪ થી પુનઃ શરૂ કરવાનું નક્કી કરવામાં આવેલ, જે બાબેત પુનઃ વિચારણા કરતાં, હાલે આ બાબતને સ્થગિત કરવાનું અને આગામી સામાન્ય સભામાં આ બાબતે વિચારવાનું નક્કી કરવામાં આવ્યું.

(૨) આ વર્ષે ‘દર્શક’ ની જન્મ શતાબ્દિ હોઈ તે અંતર્ગત આ વર્ષનો વાર્ષિક કાર્યક્રમ તા. ૯મી ફેબ્રુઆરી, ૨૦૧૪ ને રવિવારના રોજ ‘બ્રહ્મભવન’ સેક્ટર-૧૬ ખાતે યોજવાનું નક્કી કરવામાં આવ્યું, જેમાં,

(૧) સાહિત્ય અને શિક્ષણમાં દર્શકનું પ્રદાન - ***અરૂણભાઇ દવે***
(૨) ચારણી સાહિત્ય અંગે - ***અંબાલાલ રોહડિયા***
(૩) વહીવટમાં સાહિત્યનો પ્રભાવ - ***જયંતિ રાવ***
(૪) સંસ્કૃત સાહિત્ય વિષે - ***હેમાંગિની ઘુઘરાવાલા***નાં વકતવ્યોનો સમાવેશ કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ આખા દિવસનો રહેશે અને તેમાં અપાનાર સાહિત્યકીટ હાજર રહેનાર સંસ્થાના સભ્યોને જ આપવામાં આવશે.

શાળાઓ - કૉલેજના વિદ્યાર્થીઓને સાહિત્યમાં જોતરવા અને રસ લેતા કરવા તથા ગુજરાતી સાહિત્ય ધબકતું રહે તે માટેનાં પ્રયત્નો સાહિત્ય સભા દ્વારા કરવામાં આવી રહ્યા છે. આ બાબતે ગાંધીનગરની શાળા-કૉલેજોને સાથ-સહકાર આપવા પત્રો લખવામાં આવ્યા છે, પરંતુ તેનો કોઈ હકારાત્મક પ્રતિસાદ સાંપડેલ ન હોઈ, આ બાબતે શાળા-કૉલેજોને રૂબરૂ સંપર્ક સાધી - સ્મૃતિપત્ર પાઠવવાનું નક્કી કરવામાં આવ્યું. આ અંગેની કામગીરી મંત્રી નટવર હેડાઉ ‘વનવિહારી’ અને સહમંત્રી મૂળજીભાઈ પરમાર ‘દધિ’ને સોંપવામાં આવી.

સમાજમાં જ્ઞાતિમંડળો દ્વારા કરવામાં આવતા કાર્યક્રમોમાં જો ક્વિઝ/સાહિત્યિક વિષયની સ્પર્ધાઓ રાખવામાં આવે તો બાળકો સાહિત્ય પ્રત્યે રસ લેતા થાય અને આ રીતે ગુજરાતી સાહિત્ય જીવંત રહે અને તેનો પ્રચાર અને પ્રસાર થાય. આથી આ બાબતને ખાસ લક્ષમાં રાખી, કારોબારી સભ્યોએ પોતાના સમાજમાં કામગીરી કરવા અનુરોધ કરવામાં આવ્યો.

***કાવ્ય સેતુ***

***અડીખમ આધાર***

મા...મા...,
તું મને નિરાધાર છોડી
પરલોક સિધાવી!
છું દુઃખી; પણ હું તો કમભાગી
રડી પણ શકતો નથી!!
રડવાનો આધાર,
ઘેઘૂર વડના
વિશાળ થડશો,
માનો અડીખમ ખભો
હવે કયાંથી લાવું,માં?

- મૂળજીભાઇ પરમાર ‘દધિ’

***ચિતવન અભ્યારણ્ય : નેપાલ***

આભ આખું ઊંચકી
એકલ શૃંગે
ગેંડા મ્હાલે
જયમ
ચાલે આખેઆખો હિમાલય!
સાગપાન શા
કાન હલાવે
જાણે સાંભળે કીડીની વાત!
જળમાં સરકે
તરે વિહરે મ્હાલે
જાણે હિમશીલા ડૂબાડૂબ!
વરસતે તડકે ઊભાં
શાલવન
પર્ણ ચમકતાં ફરકતાં
જાણે જપતાં ઓમ મણિપદ્મ ઓમ...
રાપ્તી નદી
વહે અરણ્ય મધ્યે
જાણે સરકતી જાય કો ‘સર્પિણી’!
અત્ર તત્ર સર્વત્ર
વાસ વાઘની
અણસાર વાઘનો
જોવા ન મળે આવાસ વાઘનો!
સાંજનો પીળો ચટ્ટો તડકો
પાડે ત્રાડ!
હાથી બ્હાવરા
શોધે વાઘ
મળે કેવળ સહોદર સમા ગેંડા
ધરી ઢાલ!

- પ્રવિણ ગઢવી

(અનુસંધાન પાના નં. ૬ પર)

# ઘણી વાર મોટાને જે વાત સમજતાં વર્ષો લાગી જાય, તેવી વાત બાળક રમત-રમતમાં ... વાત-વાતમાં કહી દેતું હોય છે, માટે તેને કદી ઓછું ન આકવું

## શિક્ષણનું આરંભબિન્દુ : વિસ્મય

*- હર્ષદ પ્ર. શાહ*

બાળકોની દુનિયા અજબ-ગજબની હોય છે. કયારેક, છાપામાના કોઇ બાળકોની વાતો સાંભળીએ તો નવાઇ પામી જવાય. નરી નિર્દોષતા, મોટેરાઓની નકલ... અને હજુ ખોટું બોલવાના ગુણનો પૂરતો વિકાસ ( !) ન થયો હોય એવી સ્થિતિમાં જેવું હોય તેવું સાચું બોલી જવાની સહજતા, વિસ્મયપૂર્ણ વાતો, પરીકથાઓ જેવાં સ્વપ્ના જોવાનો આનંદ... અને, આ બધાંનો સરવાળો એટલે બાળપણ!

પણ, વડીલોને બાળકોને જલદી મોટા કરી દેવાની ઉતાવળ... કયારેક એ જ વડીલોને ભૂતકાળમાં સરી પડી પોતાના બાળપણ સાથે સંતાકૂકડી રમવાનો આનંદ પામવાની ઝંખના! પોતાના બાળપણની ચંચળતા અને તોફાનોનું સ્મરણ થઇ આવે તોય ભૂલથીયે પોતાનાં બાળકોને એવો સ્પર્શ ન થઇ જાય એની પૂરતી કાળજી આજના વડીલો લે છે... અને કવેળાએ એમને મોટા થઇ જવાની ફરજ પાડે છે.

માતાપિતાની આકાંક્ષાઓ પાસે બાળકનું શૈશવ હારી જાય છે. એવા વિસ્મયનું બાળમરણ થાય છે... અને વિસ્મયનું સ્થાન લે છે... જે છે, જેવું છે તેનો માત્ર સ્વીકાર! પરિણામ એ નીપજે છે કે બાળકની અંદર છુપાયેલો સંશોધક મૃત્યુ પામે છે. કદાચ આ જ કારણે સંશોધન - પ્રવૃત્તિ આપણા દેશમા વિકાસ પામી નથી.

કયારેક બાળકો જાણ્યે - અજાણ્યે કોઇક પ્રશ્નના ચિત્ર-વિચિત્ર જવાબો દઇ દે છે. પણ, જો શિક્ષક ચતુર હોય... એને Between the lines કે Beyond the lines જોવાની ફાવટ હોય તો બાળકના એ જવાબો આશ્ચર્ય પમાડે એટલા અદ્‌ભૂત હોય છે, એની અનુભૂતિ એ કરી શકશે.

એક નમૂનેદાર ઘટના જોઇએ...

સાતમા ધોરણમાં ભૂગોળ - શિક્ષકે દુનિયાની સાત અજાયબીઓની નોંધ કરવાનું વિદ્યાર્થીઓને કહ્યું. એક વિદ્યાર્થીનીએ ઇજિપ્તના પિરામીડ, તાજમહેલ વગેરે લખવાને બદલે આમ લખ્યું :

૧. સ્પર્શવું, ૨. સ્વાદ પારખવો, ૩. જોઇ શકવું, ૪. સાંભળી શકવું, ૫. દોડી શકવું, ૬. કૂદી શકવું, ૬. હસવું, ૭. ચાહવું, પ્રેમ કરવો.

શિક્ષક સ્તબ્ધ થઇ ગયા. એમને થયું કે ભૂગોળની દૃષ્ટિએ ભલે આ ખોટું હોય, પણ છોકરી જરા પણ ખોટી નથી.

વાસ્તવમાં, ઘણી વાર મોટાને જે વાત સમજતાં વર્ષો લાગી જાય, તેવી વાત બાળક રમત-રમતમાં ... વાત-વાતમાં કહી દેતું હોય છે. માટે તેને કદી ઓછું ન આકવું.

... અને વિસ્મય તો બાળકની મૂડી છે. શિક્ષણનું આરંભબિંદુ પણ વિસ્મય છે. એની વાત વાતમાં વિસ્મય હશે. માટે એની વાત બ્રહ્માનાદની જેમ શાંતિથી સાંભળીએ.

સ્થૂળથી સૂક્ષ્મ ભણીની યાત્રા એટલે શિક્ષણ અને તેનો પાયો વિસ્મય છે. બાળક વિસ્મયથી છલોછલ ભરેલું હોય છે.

પણ, આપણું આજનું શિક્ષણ તો વિસ્મય જ છીનવી લે છે... અને એના મસ્તિષ્કને માહિતીનું ગોડાઉન બનાવી દે છે. પરિણામે વિસ્મય નામની તેજશલાકાઓ ઉપર રાખ ફરી વળે છે.

વિસ્મય વગર દર્શનની શરૂઆત થતી નથી. વિસ્મય વગર જિજ્ઞાસાનું ઝરણું વહેતું નથી. વિસ્મય સ્વભાવે સ્થૂળતાથી પણ હોય છે, અને માહિતી સ્વભાવે સ્થૂળ હોય છે, આપણી વર્તમાન શિક્ષણપ્રક્રિયામાં વિસ્મય અને દર્શન વચ્ચે માહિતીનો ઢગલો રચાઇ જાય છે, પરિણામે સ્થૂળતા સિવાય કંઇ જ દેખાતું કે સમજાતું નથી.

જે કુતૂહલ, જે જિજ્ઞાસા અને એ આનંદથી બાળક શાળાના દ્વારે આવે છે કુતૂહલ, જિજ્ઞાસા, આનંદ અને ઉત્સાહનો નાશ કરવાનો કોઇનેય અધિકાર નથી.

જો બાળકના આ આનંદ અને ઉત્સાહનો નાશ કરવામાં આવે તો એનું સર્વસ્વ લુંટાઇ જાય છે અને એની આંખોમાં ઉદાસી છવાઇ જાય છે. રશિયન ચિંતક વસીલી સુખોમ્લીન્સ્કીએ કહ્યું છે -

શિક્ષણની જટિલ પ્રક્રિયા
બાળકની ઉદાસ આંખો કરતાં
વધારે પરેશાનીની બાબત
બીજી કોઇ હોઇ શકે ?

આવી સ્થિતિમાં બાળક બાળક મટી Student બને છે અને પછી પરીક્ષાર્થી! કદાચ વિકાસની આવી અવળી ગંગા જ વિદ્યાર્થીઓને જીવવાનું ભૂલવાડી દે છે. એ શું આશ્ચર્યજનક કે આઘાતજનક નથી કે ૧૪ થી ૧૭ વર્ષની ઉંમરમાં કેટલાય વિદ્યાર્થીઓ શિક્ષણ અને જીવનથી કંટાળી આપઘાત કરે છે?!

સમાજ સમક્ષનો આ જટિલ પ્રશ્ન છે.

મનુષ્ય માટે શિક્ષણ કે શિક્ષણ માટે મનુષ્ય?

આપઘાતના કિસ્સાના કારણો લગભગ આવાં હોય છે - કોઇનાં પેપર સારાં ન ગયાં હોય, કોઇને માર્ક્સ ઓછા આવવાની દહેશત હોય, કોઇને ધારેલા ટકા ન આવ્યા હોય, કોઇના માતાપિતાએ ઠપકો આપ્યો હોય... ખૂબ આકરૂં વલણ દાખવ્યું હોય કે ૯૦ % ન આવડે તો મોઢું જ ન દેખાડતો ! ... અને જયારે વિદ્યાર્થી મોઢું ન દેખાડે અને જિંદગીને છોડીને જતો રહે ત્યારે કરૂણ કલ્પાંત કરતા હોય! અબ પછતાયે હોત કયા જબ ચીડિયા ચુગ ગઇ ખેત!

પરીક્ષા અને કારકિર્દી ઘડવાની લ્હાયમાં વિદ્યાર્થીએ ઉંમરમાં શીખવા જેવું ઘણું ચૂકી જાય છે. વિનય અને વિવેકથી એ જોજનો દૂર જતો રહે છે. ઘરમાં કોણ આવે છે ને કોણ જાણ છે એના સંબંધોથી એ વંચિત રહે છે. માતાપિતા સતત પોતાના સંતાનની તુલના બીજા સાથે કરતાં રહે છે. તેથી એનામાં લઘુતાગ્રંથિ જન્મે છે. લઘુતાગ્રંથિ અને ડિપ્રેશનથી પિડાતા હજારો વિદ્યાર્થીઓ આપણને જોવા મળશે.

શિક્ષણની આવી રચનાએ જીવનને સુધારવાને બદલે બગાડ્યું. જીવવા શીખવવાને બદલે મરતાં શિખવાડ્યું. વિનય-વિવેકને બદલે અવિવેક શીખવ્યો. સ્વતંત્રતાને બદલે સ્વચ્છંદતા તરફ ગતિ થઇ. ‘સર્વ’ માટે જીવવાનું શીખવવાને બદલે ‘સ્વ’ માટે જીવતાં શીખવ્યું. શું આવું શિક્ષણ આપણને માન્ય છે ?

(અનુસંધાન પાના નં. ૬ પર)